R.N.I. No. : GUJGUJ/2000/447-
Ahmedabad Jurisdiction
અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રી: પ્રકાશ ધોળકીયા
(મો)૯૮૨૫૧૬૬૩૮૬
વેબ સાઇટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com
ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬

YEAR-24 • ISSUE: 52 DATE: 26-12-2015• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)
આપનું લવાજમ બાકી છે?હા ( ) -ના ( )

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિચી એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭



ભારતીય જનતા પાર્ટીના સાંસદ કિર્તી આઝાદે દિલ્હી ડ્રિસ્ટ્રીક ક્રિકેટ એસોસીએશનના કૌભાંડનો પર્દાફાશ કરતાં આ કૌભાંડમાં કેન્દ્રના નાણાંમંત્રી અરુણ જેટલીની સંડોવણીના આક્ષેપો થઇ રહ્યા છે.કૌભાંડને કારણે રાજકીય ગરમી આવી ગઇ છે.દિલ્હીની કેજરીવાલ સરકારે આ બાબતે તપાસ પંચની જાહેરાત કરી નાંખી છે.ભાજપની નેતાગીરી બેકફુટમાં આવી છે.

## મધર ટેરેસાના બ્લેડ સેમ્પલ વેટીકન લઇ જવાશે અને સંત માટેની પરંપરા પુરી કરવામાં આવશે



મિશનરી ઓફ ચેરીટી અને કેથોલિક આર્ક પંથકના ટોચના પ્રતિનિધિઓ મધર ટેરેસાના મધર હાઉસ મ્યુઝીયમમાં રાખેલા બ્લડ સેમ્પલને તેમને મોક્ષ અપાવવા માટે વેટીકન લઈ જશે.પરંપરા પ્રમાણે બ્લડ સેમ્પલને મધરના ફોટા આગળ શરીરના ભાગ તરીકે અર્પણ કરવામાં આવશે.મિશનરીઝ ઓફ ચેરીટીના ટોચના જનરલ સિસ્ટર પ્રેમા અને આર્ક બિશપ થોમસ ડિસોઝા પ્રતિનિધિ મંડળની અધ્યક્ષાતા કરશે.આ કાર્યક્રમ મધરના જન્મ દિવસ ૨૪ મી ઓગષ્ટ અથવા તેમના અવસાન પામવાના દિવસ ૫મી સપ્ટે.રાખવામાં આવશે.

વર્લ્ડ કેથોલિક એસોસીયેશન ફોર કોમ્યુનિકેશનના અધ્યક્ષ સુનિલ લુકાસે જણાવ્યુ હતું કે મોક્ષ માટે વ્યક્તિના શરીરના કોઈ પણ ભાગને લઈ જવાની પરંપરા છે. તેમાં વાળનો ભાગ અથવા હાડકાનો ભાગ કે લોહીનું સેમ્પલ પણ હોઈ શકે છે.આ કિસ્સામાં અમે તેમના લોહીના સેમ્પલનો ઉપયોગ કરીશું કારણકે તેને મ્યુઝીયમમાં સંભાળીને રાખવામાં આવ્યું છે.

## અમેરિકાના રાષ્ટ્રપ્રમુખપદની ચુંટણીના ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પ મુસ્લીમ વિરોધી નિવેદન બાદ પણ લોકપ્રિયતામાં સૌથી મોખરે

અમેરિકાની રાષ્ટ્રપ્રમુખપદની આવનારી ચુંટણીમાં રિપબ્લિકન પાર્ટીના ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પ ન્યુયોર્ક રિયલ એસ્ટેટના ઉદ્યોગપતિ છે.સાથે સાથે તેમણે મુસ્લીમો વિરોધી નિવેદનો કર્યા હોવાથી તેમની પ્રતિષ્ઠા ખરડાઈ છે તેવા સમાચારો પણ વહેતા થયા હતા. પરંતુ ગત મહિને થયેલા સરવેમાં ૩૯ ટકા લોકપ્રિયતા સાથે તેમણે ૧૧ પોઈન્ટસ મેળવી લીધા હતા.જે મુજબ તેઓ લોકપ્રિયતામાં અન્ય તમામ નેતાઓથી આગળ છે.અમેરિકામાં મુસ્લીમોના પ્રવેશ પર પ્રવેશબંધી લાદવાનું વિવાદાસ્પદ નિવેદન આપ્યા બાદ તેમની લોકપ્રિયતામાં ૧૧ ટકા જેટલો ઉછાળો આવ્યો હતો. તેમના સૌથી નજીકના પ્રતિદ્વંદી ટેડ ક્રુઝે ૧૮ ટકા, માર્કો રુબીયાએ ૧૧ ટકા એ બેન કાર્સે ૯ ટકા અંક હાંસલ કર્યા હતા.અમેરિકાના રાષ્ટ્રપ્રમુખપદની ચુંટણીમાં રિપબ્લીકન ઉમેદવારોની દાવેદારી માટે રાષ્ટ્રીય સ્તરે સરવે કરનારા ફોક્સ ન્યુઝે જણાવ્યું હતું કે ૧૫ ડિસેમ્બરના રોજ લાસ વેગાસમાં દાવેદારો વચ્ચે થયેલી પ્રેસિડન્શિયલ ડિબેટ બાદ નવી ચુંટણી માટે તમામ ઈન્ટરવ્યુ કરી લેવામાં આવ્યા હતા.સરવે કરનારી અન્ય એક સંસ્થા 'પબ્લિક પોલીસી પોલીંગ' એ જાહેર કરેલા પરિણામોમાં પણ ટ્રમ્પ આગળ ચાલી રહ્યા છે. જે અનુસાર ટ્રમ્પને રિપબ્લિકન મતદારોનું ૩૪ ટકા સમર્થન મળી રહ્યું છે. રિયલક્લિયર પોલિટીક્સ ડોટકોમ એ પણ ટ્રમ્પને પોતાના સરવેમાં સૌથી ટોચે રાખ્યા છે.

## સ્વામી કોગ્રેસ પર ખોટા કેસો કરવા માટે સત્તાધારી પક્ષનું પ્યાદુ છે : કોગ્રેસ

નેશનલ હેરાલ્ડ કેસમાં ફરિયાદી સુબ્રમણ્યમ સ્વામી ઉપર કોગ્રેસ ગંભીર આક્ષેપો મુક્યા હતા.કોગ્રેસના નેતા ગુલામનદી આઝાદે જણાવ્યું હતું કે કોગ્રેસના નેતાઓ પર કેસો કરવા માટે ભાજપે સુબ્રમણ્યમ સ્વામીને શિરપાવ આપ્યો છે.કોગ્રેસ પાર્ટી અને સમગ્ર દેશને આ બાબતે પહેલેથી જ શંકાઓ હતી.નેશનલ હેરાલ્ડ કેસ પાછળ ભાજપ્ને મોદી સરકારના કેટલાક મંત્રીઓનો દોરી સંચાર છે.મોદી સરકારે અચાનક જ સ્વામીને દિલ્હીમાં એક બંગલો અને ઝેડ કેટેગરીની સુરક્ષા પુરી પાડી છે. સ્વામી સાંસદ નથી કે નથી તેઓ કોઈ આતંકવાદગ્રસ્ત રાજ્યમાં રહેતાં કે નથી તેમના પર કોઈ આતંકી હુમલાનો ભય છે.કોગ્રેસી પ્રવક્તા રણદીપ સુરજવાલાએ જણાવ્યુ હતું કે સ્વામી વડાપ્રધાન મોદીનું મુખૌટું છે.મોદી અને ભાજપ રાગદ્રેષથી કામ કરી રહ્યા છે.પરંતુ તેમને સંસદથી સડકો પર જવાબ અપાશે.તેમણે સંપુર્ણ જવાબદારી સાથે વાત કરી હતી.




# Merry Christmas and Happy New Year





નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઇટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઈ શકાશે.

